# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૭ તા.૨૧-૦૬-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ- ૨૦૨૪ કાર્યક્રમ આયોજન બાબત.

સંદર્ભ :- નાયબ શિક્ષણ નિયામકશ્રી, પ્રા.શિ., ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૪-૨૫/૩૦૬૬-૩૧૫૩, તા. ૨૦-૦૬-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ''કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ- ૨૦૨૪''નું આયોજન તા. ૨૬,૨૭, અને ૨૮ જૂન- ૨૦૨૪ દરમ્યાન કરવામાં આવ્યું છે.

''કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ- ૨૦૨૪''ના આયોજન સંદર્ભે માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૨૪-૦૬-૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સાબરમતી હોલ, સ્વર્ણીમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર ખાતે બ્રીફીંગ મીટીંગનું આયોજન થનાર છે. જેનું બાયસેગ મારફતે જીવંત પ્રસારણ થનાર છે. તો તમારી શાળાના તમામ શિક્ષકો જીવંત પ્રસારણ નિહાળે તે સુનિશ્ચિત કરવું તથા અત્રેની કચેરીના પરિપત્ર નં. ૬, તા. ૨૬-૦૬-૨૦૨૪ તથા નાયબ શિક્ષણ નિયામકશ્રી તા. ૧૯-૦૬-૨૦૨૪ના આ સાથે સામેલ પત્રમાં દર્શાવેલ સુચના તથા માર્ગદર્શન પ્રમાણે ''કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ- ૨૦૨૪''નું સુચારૂ આયોજન તેમજ ઉજવણી કરવા જણાવવામાં આવે છે.

તા.૨૧-૦૬-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**By-Email**
**શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪**
**તાત્કાલિક/અગત્યનું**

**ક:પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૪-૨૫/**૨૯૭૨-૩૦૫૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૧૯/૦૬/૨૦૨૪

**પ્રતિ,**
-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
-શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય: વર્ષ ૨૦૨૪-૨૫ના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના આયોજન બાબત.**

**સંદર્ભ:** (૧)આ કચેરીના પત્રક:પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૦૨૪-૨૫/૧૯૧૫-૨૦૦૧ તા.૨૫/૦૪/૨૦૨૪.
(૨)આ કચેરીની સિ.ફા. ક:પ્રાશિનિ/ચ-૧/સિં.ફા./પ્રવેશોત્સવ-૨૦૨૪/૨૪-૨૫/૧૨ તા.૧૮/૦૬/૨૦૨૪
(૩)શિક્ષણ વિભાગના પત્રક:પીઆરઇ/૧૨૨૦૨૪/સીં.ફા.-૦૨/ક તા.૧૯/૦૬/૨૦૨૪

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આ કચેરીના સંદર્ભ-૧ હેઠળના પત્રથી શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ માટે જિલ્લાકક્ષાએથી કરવાની થતી કામગીરી અંગેની માર્ગદર્શક સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અંગે આ કચેરીની સંદર્ભ-૨ હેઠળની સિં.ફા. પર માન.સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ની મળેલ મંજૂરી તથા શિક્ષણ વિભાગના સંદર્ભ-૩ હેઠળના પત્ર અન્વયે વર્ષ: ૨૦૨૪-૨૫ નો શહેરી વિસ્તારનો અને ગ્રામ્ય વિસ્તારનો સંયુક્ત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તારીખ ૨૭, ૨૮ અને ૨૯ જૂન-૨૦૨૪(ગુરૂવાર થી શનિવાર) ના બદલે **તા.૨૬-૨૭-૨૮ જૂન-૨૦૨૪(બુધવાર થી શુક્રવાર)** દરમિયાન યોજવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તેમજ આ કાર્યક્રમ આયોજન સંદર્ભે આ કચેરીના સંદર્ભ-૧ હેઠળના પત્રથી આપવામાં આવેલ શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ માટે જિલ્લાકક્ષાએથી કરવાની થતી કામગીરી અંગેની માર્ગદર્શક સૂચનાઓમાં નીચે મુજબનો સુધારો/ઉમેરો કરવામાં આવે છે. તે સિવાયની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.જે સૂચનાઓનું ચુસ્ત રીતે અનુસરણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

1) શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪નુ આયોજન આગામી તા.૨૭-૨૮-૨૯ જૂન-૨૦૨૪(ગુરૂવાર થી શનિવાર)ના બદલે **તા.૨૬-૨૭-૨૮ જૂન-૨૦૨૪(બુધવાર થી શુક્રવાર)** દરમિયાન રાજ્યની તમામ સરકારી પ્રાથમિક તથા સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કરવાનું રહેશે.
2) રાજ્ય અને જિલ્લા કક્ષાએથી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ જોડાનાર તમામ પદાધિકારીશ્રી/અધિકારીશ્રીઓને જે રૂટની શાળાની ફાળવણી કરવામાં આવે તે શાળામાં અભ્યાસ કરતા બાળકો પૈકી PAT અને SAT પરીક્ષામાં શ્રેષ્ઠ, મધ્યમ અને નબળો દેખાવ કરનાર છ થી આઠ બાળકોની વિગતો કીટમાં પુરી પાડવાની રહેશે.
3) શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત થનાર પદાધિકારીશ્રી/અધિકારીઓને, વાલીઓ, ગ્રામજનોને શિક્ષણ વિભાગની તમામ યોજનાથી અવગત કરાવવા અને તે અંગેની સ્પીચનો ડ્રાફ્ટ તૈયાર કરી પુરો પાડવાનો રહેશે.
4) શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ગામના વાલીઓની, ગ્રામજનોની સંપૂર્ણ હાજરી રહે તેવું આયોજન કરવાનું રહેશે.

5) શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં જોડાનાર તમામ પદાધિકારીશ્રી/અધિકારીશ્રીઓ જે શાળામાં જનાર હોય તે શાળામાં બાલવાટિકા/ધોરણ-૧/ધોરણ-૯ /ધોરણ-૧૧માં પ્રવેશ પાત્ર બાળકોની યાદી તૈયાર કરી કીટમાં પુરી પાડવાની રહેશે.

6) જે વિસ્તારમાં દિકરીઓનું નામાંકન ઓછુ થતુ હોય તેવા વિસ્તારો અલગ તારવી તે વિસ્તારોમાં વધુમાં વધુ દિકરીઓનું નામાંકન થાય તેવા સઘન પ્રયત્ન કરવાના રહેશે.

7) શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન દરમિયાન શક્ય હોય શાળા સમિતિના કોઇ એક સભ્યને શિક્ષણ વિભાગની નમો લક્ષ્મી, નમો સરસ્વતી, મુખ્યમંત્રીશ્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ અને મુખ્યમંત્રીશ્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ જેવી મહત્વની યોજનાઓ અંગે સંપૂર્ણ માહિતગાર કરી તેઓ દ્વારા જ આ યોજનાઓ અંગે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોને પુરતી સમજ આપવામાં આવે તે મુજબનું આયોજન કરવું.

8) પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી થનાર પદાધિકારીશ્રી/અધિકારીશ્રીઓને આપવામાં આવનાર કીટમાં આ સાથેના બિડાણના શાળા નિરીક્ષણ ફોર્મનો સમાવેશ કરવાનો રહેશે.

**બિડાણ**-શાળા નિરીક્ષણ ફોર્મ

**નાયબ શિક્ષણ નિયામક**
**ગુ.રા., ગાંધીનગર**

**By-Email**
**તાત્કાલિક/અગત્યનું/પ્રવેશોત્સવ-૨૦૨૪**
**માન.મુખ્યમંત્રીશ્રી બેઠક સંદર્ભ**

**ક:પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૪-૨૫/**3066-3253
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૨૦/૦૬/૨૦૨૪

**પ્રતિ,**
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય : તા.૨૪/૦૬/૨૦૨૪ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને પ્રવેશોત્સવ-૨૦૨૪ની બ્રીફીંગ મીટીંગનાં બાયસેગ મારફતે પ્રસારિત થનાર કાર્યક્રમ નિહાળવા બાબત.**

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાત રાજયમાં તા.૨૬,૨૭ અને ૨૮ જુન-૨૦૨૪ દરમ્યાન શાળા પ્રવેશોત્સવનું આયોજન થનાર છે. તે સંદર્ભે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને **તા.૨૪/૦૬/૨૦૨૪ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે** સાબરમતી હોલ, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર ખાતે બ્રીફીંગ મીટીંગનું આયોજન થનાર છે. જેનું બાયસેગ મારફતે જીવંત પ્રસારણ થનાર છે. જે પ્રસારણ જિલ્લાકક્ષાએથી પ્રવેશોત્સવમાં સહભાગી થનાર પદાધિકારીશ્રી/અધિકારીશ્રીઓ નિહાળે તે અંગેનું આયોજન આપની કક્ષાએથી કરવાનું રહેશે. તદ્ઉપરાંત આપના તાબા હેઠળના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ, શાળા સમિતિના સભ્યો જીવંત પ્રસારણને નિહાળે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

**નાયબ શિક્ષણ નિયામક**
**પ્રાથમિક શિક્ષણ**
**ગુ.રા. ગાંધીનગર**

**નકલ સવિનય રવાના**
- નાયબ સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર